॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ નોંધણી ક્રમાંક
એ ૩૯૨૬ (મુંબઈ) તા. ૧૪-૧૦-૯૨ મુંબઈ)

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તથા સંમેલનનું બંધારણ

કાર્યાલય : રૂમ નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, અનંતસિધ્ધિ જૈન મંદિર, બડવાઈક હૉસ્પિટલની સામે,
૧૦૭, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
E-mail: mahajansamast@gmail.com • Website www.kdosm.org

# પ્રસ્તાવના અને પરિચય

સમગ્ર શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓ સારી રીતે નિભાવી શકાય અને તેની જરૂરિયાતો સારી રીતે સંતોષી શકાય તે ઉદ્દેશે મધ્યસ્થ સંસ્થા હોવી જોઈએ એવો વિચાર ૧૯૮૫માં મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાને આવતા તેમણે સાથી પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરીને વ્યવસ્થાપક સમિતિ સમક્ષ રજૂઆત કરી અને મધ્યસ્થ સંસ્થાનું માળખું તૈયાર કરવા સમિતિની રચના કરી.

૧૯૯૦ રચાયેલ સમિતિએ શ્રી વરિષ્ઠ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના નામ સાથે એક માળખો તૈયાર કરીને જ્ઞાતિજનો સમક્ષ સુધારાવધારા સૂચવવા પ્રકાશિત કર્યું. જ્ઞાતિ પાસેથી આવેલા સૂચનોને બંધારણમાં સમાવેશ કરીને જ્ઞાતિના બધા જ મહાજનોને મોકલવામાં આવ્યા અને તા. ૧૫-૧૨-૧૯૯૦ના રોજ બધા મહાજનોની સભામાં સમસ્ત મહાજનનું બંધારણ પાસ થયું જે જ્ઞાતિના ત્રીજા સંમેલન (તા.૧૩ થી તા. ૧૫ ડિસેમ્બર ૧૯૯૧)માં સર્વાનુંમતે મંજૂર રહ્યું. સંમેલનના પ્રમુખને જરૂરી કાર્યવાહી કરવા સત્તા આપવામાં આવી અને ચેરીટી કમિશનરની કચેરીમાં રજીસ્ટર કરવામાં આવ્યું.

શ્રી રાજેન્દ્રભાઈ ખોના મુંબઈ મહાજનના પ્રમુખપદેથી નિવૃત્ત થતાં બદલાયેલા સંજોગોમાં કાર્યવાહી ન થતાં સમસ્ત મહાજન સુષુપ્તતાની ગર્તામાં ધકેલાઈ ગયું. બે મેનર્જિંગ ટ્રસ્ટીનું અવસાન થતાં અને ત્રીજા મે. ટ્રસ્ટીની કાર્યકાળ સમાપ્ત થતાં ડીફંડ થઈ ગયું.

૨૦૦૮ની આસપાસ જ્ઞાતિના આગેવાનો દ્વારા શ્રી સમસ્ત મહાજનને પુનઃ કાર્યાન્વિત કરવાની પ્રક્રિયા શ્રી તિલોકચંદભાઈ દંડની આગેવાનીમાં આરંભી, શ્રી રાજેન્દ્રભાઈએ મહાસમિતિનું ગઠન કરીને ટ્રસ્ટીઓની સભા તા. ૫-૬-૨૦૧૦ના શ્રી ભુપેન્દ્રભાઈની ઓફિસમાં વાશી મુકામે બોલાવી. જેમાં ત્રણ મે. ટ્રસ્ટીઓ તરીકે શ્રી તિલોકચંદભાઈ નરશી દંડ, શ્રી ભૂપેન્દ્ર મુરજી દંડ, શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા નીમાયા અને ચીમનભાઈ મેઘજી મોતા સેક્રેટરી જનરલ તરીકે ચૂંટાયા. ૫ વર્ષની નવી પહેલી ટર્મમાં સમસ્ત મહાજને જ્ઞાતિમાં પોતાના અસ્તિત્વની હાજરી નોંધાવી પાયાના કાર્યો કર્યા. હાલમાં સમયાનુસારે મહાસમિતિની સભાઓ મળે છે. દર એક/બે મહિને ટ્રસ્ટ બોર્ડની સભાઓ મળે છે અને જ્ઞાતિના બધા મહાજનો સાથે કો-ઓર્ડિનશનનું કામ થાય છે. જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના પ્રશ્નોનું નિરાકરણ કરવા કાર્યવાહી થાય છે. અકસ્માત મૃત્યું વાટે ઈન્સ્યુરન્સની સુવિધા પણ આપવામાં આવી. ૨૦૧૬માં મહાસમિતિ તથા ટ્રસ્ટ બોર્ડની મુદત પૂરી થતાં બંધારણ પ્રમાણે પુનઃ મહાસમિતિ તેમજ ટ્રસ્ટ બોર્ડનું ગઠન થયું.

૨૦૧૮, મે માં શ્રી ચીમનભાઈ મોતાએ રાજીનામું આપતા યુવા અને હોંશીલા દીર્ઘદષ્ટિ ધરાવતા અને ભવિષ્યનું પ્લાનિંગ જાણતા વડોદરાના શ્રી નીશિથ આણંદીલાલ દંડ સેક્રેટરી જનરલ નીમાયા અને અઠવાડિયામાં જ સમસ્ત મહાજનના સ્વતંત્ર કાર્યાલયનું મે. ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ લોડાયા અને મે. ટ્રસ્ટી શ્રી કિર્તીભાઈ ધરમશીના સહાયે ઉદ્‌ઘાટન થયું.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
# તથા સંમેલનનું બંધારણ

### ૧. સંસ્થાનું નામ :

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, (જેનો આ બંધારણમાં હવે પછી 'સમસ્ત મહાજન' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે).

### ૨. ઉદ્દેશ :

૧) જ્ઞાતિની સર્વાંગિક સામાજીક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, નૈતિક, આવાસ, ખેલકુદ, રોજગાર, આરોગ્ય, સીનીયર સીટીઝનના પ્રશ્નો, નારિ સશક્તિકરણ, યુવા ઉત્કર્ષ માટે સર્વ દિશિય કલ્યાણ અને વિકાસનાં કાર્યો કરવા અને તે અંગે માર્ગદર્શક તથા સહાયભૂત થવા.

૨) જ્ઞાતિની જુદી જુદી સંસ્થાઓનું સંકલન (Co-ordination) કરી તેમના કાર્યમાં પુનરૂકિત નિવારવા તથા પરસ્પર સહકાર સાધવા.

૩) જ્ઞાતિના જુદા જુદા મહાજનોમાં ઐક્ય તથા સુવ્યવસ્થા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક અને સહાયભુત થવા.

૪) જ્ઞાતિ સમ્મેલનોમાં પસાર થયેલ ઠરાવોનું અમલીકરણ કરવા.

૫) જ્ઞાતિની ગરિમા તેમજ રીત રીવાજોની જાળવણી કરવી.

૬) મહાજનાઉ કાર્યથી ઉપર, જ્ઞાતિ યોગ્ય, સમયની જરૂરીયાત પ્રમાણે કાર્યપ્રણાલી યોજવી.

### ૩. વ્યાખ્યા

'સમસ્ત મહાજન' માં શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના સર્વે મહાજનશ્રીઓનો સમાવેશ થશે જેનું સભ્યપદ કલમ નંબર ૪ પ્રમાણે રહેશે.

### ૪. સભ્યપદ :

૧) જ્ઞાતિની વસ્તીપત્રક સમિતિના વિ. સં. ૨૦૭૫ના કારતક સુદ ૧ની માહિતી પ્રમાણે કચ્છ તથા હાલાર (જામનગર સાથે)ના મૂળ વસ્તીવાળા ગામો જ્યાં હાલ જ્ઞાતિજનો સ્થાનિક રહે છે તેવા ગામોના મહાજનો તથા જ્યાં સ્થાનિક વસ્તી નથી છતાં તે ગામના જ્ઞાતિના ગામવાસીઓની ભારતભરમાં સંખ્યા પચાસ થી વધુ છે તેવા કચ્છ તથા હાલારના મૂળ ગામના મહાજનો 'સમસ્ત મહાજન'ના સભ્ય ગણાશે.

૨) ઉપરોક્ત કલમ ૪(૧)માં જે મહાજનોનો સમાવેશ ન થતો હોય તેવા ભારતભરનાં ઓછામાં ઓછા પચીસ જ્ઞાતિજનોની વસ્તીવાળા ગામોના મહાજન (પચીસથી ઓછી વસ્તીવાળા ગામોના ભાઈ બહેનોનો નજીકના ગામના મહાજનમાં સમાવેશ થયેલો ગણાશે) 'સમસ્ત મહાજન'ના સભ્ય ગણાશે. પરદેશમાં જે ગામમાં ૨૫ જ્ઞાતિજનોની વસ્તી અથવા ૧૦ ઘર હોય તે ગામને મહાજન ગણાશે.

**નોંધ :** ઉપરોક્ત કલમ ૪ માં જણાવેલ સભ્ય મહાજનોની સૂચિ પરિશિષ્ઠ ૧ પ્રમાણે રહેશે. જેમાં વસ્તીના વધારા ઘટાડા પ્રમાણે ફેરફાર કરવાની સત્તા મહા સમિતિને રહેશે.

### ૫. વહીવટી તંત્ર :

'સમસ્ત મહાજન' નો વહીવટ મહાસમિતિ તથા તે દ્વારા ચૂંટાયેલ ટ્રસ્ટબોર્ડ હસ્તક રહેશે.

### ૬. વહીવટી કાર્યાલય :

'સમસ્ત મહાજન'નું કાયમી કાર્યાલય (રજી. ઓફીસ) મુંબઈમાં રહેશે. ટ્રસ્ટબોર્ડને યોગ્ય લાગે તો અન્ય સ્થળે વહીવટી કાર્યાલય ખોલી શકશે.

## ૭. વર્ષ :

'સમસ્ત મહાજન'નું હિસાબી તથા વહીવટી વર્ષ ૧લી એપ્રિલ થી ૩૧ મી માર્ચ સુધીનું રહેશે, અથવા સરકારી કાયદા અનુસાર રહેશે.

## ૮. મહાસમિતિ :

મહાજનોના પ્રતિનિધિઓની સમિતિ મહાસમિતિ કહેવાશે.

## ૯. મહાસમિતિની રચના :

૧) બંધારણનાં કલમ ૪(૧) અને (૨) માં જણાવ્યા પ્રમાણેના મહાજનો એક અથવા સ્થાનિક વસ્તીના દર અઢીસો (૨૫૦)ની વસ્તીએ એક એ બંનેમાંથી જે વધુ સંખ્યા થશે તે પ્રમાણે પ્રતિનિધિ ચૂંટીને મહાસમિતિ પર મોકલશે.

**નોંધ :**

૧) પ્રતિનિધિનું પ્રમાણ વસ્તીના પ્રમાણમાં અઢીસો (૨૫૦) થી ઉપર હોય તો.....

| | |
|---|---|
| ૨૫ થી ૩૭૪ સુધી | ૧ પ્રતિનિધિ |
| ૩૭૫ થી ૬૨૪ સુધી | ૨ પ્રતિનિધિ |
| ૬૨૫ થી ૮૭૪ સુધી | ૩ પ્રતિનિધિ |
| ૮૭૫ થી ૧૧૨૪ સુધી | ૪ પ્રતિનિધિ |

અને એ ધોરણે આગળ ગણવાનું રહેશે.

૨) ભારતભરમાં વસતા જ્ઞાતિજનો કે જેમના રાજ્યમાં એક પણ જ્ઞાતિ મહાજન અસ્તિત્વ ધરાવતું ન હોય તેવા જ્ઞાતિજનો તે રાજ્યમાં ઓછામાં ઓછા પચીસની સંખ્યામાં હોય તો તે રાજ્ય દીઠ એક પ્રતિનિધિની મહાસમિતિ ઉપર પ્રતિનિધિ તરીકે ટ્રસ્ટ બોર્ડ નિમણુંક કરશે.

૩) પરદેશમાં વસતા જ્ઞાતિજનોમાંથી ત્રણ તથા ભારતમાં વસતા સાત જ્ઞાતિજનોની મહાસમિતિ ઉપર સભ્ય તરીકે નિમણુંક ટ્રસ્ટબોર્ડ કરશે.

૪) નવી ચૂંટાયેલ/નિમાયેલ મહાસમિતિમાં ૨૦ બહેનો અને ૨૦ યુવાઓ (૧૮ થી ૩૫ વય સુધીના અપરિણિત) હોવા જોઈએ. મહાસમિતિ પોતાની પ્રથમ સભામાં બહેનો તથા યુવાઓની ખૂટતી સંખ્યા પ્રમાણે જગ્યાઓ ભરશે. અપરિણિત યુવા તેમના મહાસમિતિના પ્રતિનિધિ તરીકેના કાર્યકાળ દરમ્યાન લગ્ન કરે તો પણ પ્રતિનિધિ તરીકે યથાવત રહેશે.

૫) જ્ઞાતિમાં હાલમાં પ્રવર્તમાન પાંચ એકમના પ્રમુખશ્રી તથા એક માનદ્મંત્રી હોદાની રૂએ મહાસમિતિના પ્રતિનિધિ ગણાશે.

## ૧૦. મહાસમિતિની મુદત :

મહાસમિતિની મુદત પાંચ વર્ષની રહેશે.

## ૧૧. મહાસમિતિની ચૂંટણી/નિમણુંક :

મહાસમિતિના સભ્યોની ચુંટણી / નિમણુંક દર પાંચ વર્ષે થશે. મહાસમિતિની મુદત પુરી થવાના ૬ મહિના અગાઉ પરિશિષ્ઠ ૧ માં જણાવેલ મહાજનોને સેક્રેટરી જનરલ પોતાના પ્રતિનિધિ નવી સમિતિ ઉપર મોકલવા લેખીત જાણ કરશે અને તે પ્રમાણે સંબંધિત મહાજનો પોતાના પ્રતિનિધિઓ ચૂંટીને તેમના નામો, સરનામાની લેખીત જાણ 'સમસ્ત મહાજન'ના સેક્રેટરી જનરલને કાર્યાલયના સરનામે સમિતિની સમય મર્યાદા પૂરી થવાના નેવું (૯૦) દિવસ અગાઉ કરશે. જો કોઈપણ મહાજન તેમ કરવામાં નિષ્ફળ જશે તો નવી મહાસમિતિ પોતાની આગામી ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં પ્રથમ

સભામાં તેવા મહાજનોના સભ્યોમાંથી ખૂટતા પ્રતિનિધિઓની નિમણુંક કરી. સંબંધિત મહાજનને તેની જાણ કરશે. ત્યારબાદ માર્ચ અંતઃ સુધીમાં મહાસમિતિની દ્વિતિય સભામાં મહાસમિતિના સભ્યો કલમ નંબર ૧૪ પ્રમાણે પોતપોતાનાં વિભાગમાંથી ટ્રસ્ટીઓ ચૂંટશે.

## ૧૨. મહાસમિતિની સભા :

૧) મહાસમિતિની સભા વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળશે.

૨) સમસ્ત મહાજનનું હિસાબી વર્ષ પૂરૂં થયેથી છ માસની અંદર મહાસમિતિની સભામાં ટ્રસ્ટ બોર્ડ વાર્ષિક અહેવાલ તથા અન્વેષિત હિસાબો રજુ કરશે.

૩) મહાસમિતિની સભા ટ્રસ્ટ બોર્ડની સંમતિથી સેક્રેટરી જનરલ દ્વારા બોલાવવામાં આવશે. સભાની ખબર સ્થળ, તારીખ, સમય અને કાર્યસૂચિ (Agenda) સહિત ઓછામાં ઓછા એકવીસ દિવસ પહેલા પરિપત્ર દ્વારા આપવી પડશે અથવા ઈલેક્ટ્રોનિક મિડિયાના સથવારે ઈમેલ તથા વોટ્સઅપ દ્વારા મહાસમિતિના સભ્યોને સુચના અપાશે તે દ્વારા અપાયેલ સભા માટેની નોટીસ/સૂચના તથા તેની તારીખ અધિકૃત ગણાશે.

૪) સભાની કાર્યસાધક હાજરી (કોરમ) મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલી સભા તે જ સ્થળે તે જ દિવસે મુકરર સમયથી અડધો કલાક પછી મળશે. (જેની નોંધ કાર્યસૂચીમાં જણાવવી પડશે.) મજકુર સભામાં કાર્યસાધક હાજરીની જરૂરત રહેશે નહિ પરંતુ તેવી સભામાં કાર્યસૂચિમાં જણાવ્યા શિવાય અન્ય કોઈપણ કામકાજ થઈ શકશે નહિ. આ સભામાં પ્રમુખશ્રીની સંમતીથી કાંઇ પણ રજુ થઇ શકશે નહીં.

૫) સભાનું પ્રમુખ સ્થાન મેનેજીંગ ટ્રસ્ટીઓમાંથી એક ટ્રસ્ટી સંભાળશે, તેમની અનુપસ્થિતિમાં ટ્રસ્ટીઓમાંથી કોઈપણ ટ્રસ્ટીને પ્રમુખ તરીકે સભા ચૂંટશે. ઉપરોક્ત બંનેની ગેરહાજરીમાં હાજર રહેલા સભ્યો પોતાનામાંથી એકને પ્રમુખ તરીકે ચૂંટશે.

૬) મહાસમિતિના કોઈપણ સભ્યે મહાસમિતિની સભામાં પોતે રજૂ કરવા ઈચ્છીત બાબતોની લેખીત ખબર સેક્રેટરી જનરલને મુખ્ય કાર્યાલય પર આપશે. સંબંધિત સભા મળવાના સમય થી ઓછામાં ઓછા ચાલીસ (૪૦) દિવસ અગાઉ મળેલ આવી બાબાતોનો તે સભાની કાર્યસૂચિમાં સમાવેશ કરવામાં આવશે.

૭) મહાસમિતિના ઓછામાં ઓછા ૩૫ સભ્યોની વિજ્ઞપ્તી (રીકવીઝીશન) સભા બોલાવવા અંગેની સકારણ લેખીત માગણી આવેથી સેક્રેટરી જનરલ આ બાબત ટ્રસ્ટબોર્ડ સમક્ષ ત્રીસ (૩૦) દિવસમાં રજૂ કરશે અને ટ્રસ્ટબોર્ડ મહાસમિતિની વિજ્ઞપ્તી (*રીકવીઝીશન) સભા ટ્રસ્ટબોર્ડની ઉપરોક્ત સભાથી ચાલીસ (૪૦) દિવસમાં બોલાવશે અને જો ટ્રસ્ટબોર્ડ (૪૦) દિવસમાં સભા બોલાવવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદ તે રીકવીઝીશન સભા બોલાવનાર ઓછામાં ઓછા ૨૫ સભ્યો મહાસમિતિની બેઠક બોલાવી શકશે અને આવી બેઠક સંસ્થાના કાયમી કાર્યાલય સ્થળે બોલાવવાની રહેશે. આવી સભામાં અન્ય કોઈપણ કામકાજ હાથ ધરી શકાશે નહિ. આવી સભામાં મજકુર વિજ્ઞપ્તી (રીકવીઝીશન) સભા બોલાવવા માટે સહી કરનાર સભ્યોમાંથી સીત્તેર પ્રતિશત (૭૦%) સભ્યોની હાજરી જરૂરી ગણાશે. સભાનું કોરમ થવા છતાં પણ વિજ્ઞપ્તી (રીકવીઝીશન) સભા બોલાવવા માટે વિનંતી કરનાર સભ્યોના સીત્તેર પ્રતિશત (૭૦%) સભ્યોની હાજરીના અભાવે મજકુર સભા કંઈપણ કામકાજ કર્યા વગર બરખાસ્ત થશે ત્યાર બાદ એ જ બાબત અંગે વિજ્ઞપ્તી (રીકવીઝીશન) સભા એક વર્ષ સુધી ફરી બોલાવી શકાશે નહિ.

## ૧૩. મહાસમિતિની સત્તા :

૧) મહાસમિતિ જરૂર જણાતા ટ્રસ્ટ બોર્ડની મંજૂરીથી પેટા સમિતિઓ નિમી શકશે.

૨) 'સમસ્ત મહાજન'ના વાર્ષિક હિસાબો તપાસવા માટે અન્વેષક (ઓડીટર)ની નિમણુંક કરશે.

૩) જ્ઞાતિ સંમેલન ભરવા અંગે ટ્રસ્ટબોર્ડની આવેલ ભલામણ ઉપર વિચારણા કરી તે અંગે નિર્ણય કરશે.

૪) મહાસમિતિને જો યોગ્ય લાગે તો મહાસમિતિ તથા ટ્રસ્ટબોર્ડની મુદત વધુમાં વધુ એક વર્ષ સુધી વધારી શકશે પરંતુ જો વધારેલા સમયગાળા દરમ્યાન જ્ઞાતિ સંમેલન ભરાશે તો તે સંમેલનમાં આ બંધારણ અનુસાર નવી મહાસમિતિ તથા ટ્રસ્ટબોર્ડની રચના કરવામાં આવશે.

૫) કોઈપણ સભ્ય રાજીનામું આપે, મરણ પામે, કામ કરવાની અનિચ્છા દર્શાવે, નાદાર ઠરે, નૈતિક અધઃપતનવાળા ફોજદારી ગુના માટે ગુનેગાર ઠરે, અથવા કાયદા પ્રમાણે કમી થતા હોય તો તે સભ્યની ખાલી પડેલી જગ્યા પર મહાસમિતિ તે જ મહાજનના અન્ય સભ્યની નિમણુંક કરશે.

૬) નવી ચૂંટાયેલ/નિમાયેલ મહાસમિતિની પ્રથમ સભા બે ભાગમાં વહેંચાયેલી રહેશે. પ્રથમ ભાગમાં સવારના દરેક રાજ્યોના મહાસમિતિના સભ્યો બંધારણની કલમ ૧૪(૧) મુજબ પોતાના રાજ્યના ટ્રસ્ટીઓની ચૂંટણી/નિમણુંક કરશે. દરેક રાજ્યની સભા જુદી જુદી મળશે. આ પ્રક્રિયાને પૂર્ણ કરવા ત્રણ જણની એક સમિતિની રચના વિદાય લેતું ટ્રસ્ટ બોર્ડ કરશે. આ અંગે કોઈ વરવાંધો પડે તો સમિતિનો ચુકાદો આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે. ત્યારબાદ સવારના બીજા ભાગમાં/બપોરે સભા એજન્ડા મુજબ શેષ કાર્યવાહી કરશે.

## ૧૪. ટ્રસ્ટબોર્ડ :

૧) સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડ ઉપર મહાસમિતિના સભ્યોમાંથી ટ્રસ્ટીઓ ચૂંટવા માટે ભારતભરના નીચે જણાવ્યા પ્રમાણે ચૌદ (૧૪) વિભાગો કરવામાં આવ્યા છે.

૧) કચ્છના મૂળ વસ્તીના ગામો
૨) કચ્છના અન્ય ગામો
૩) હાલાર (જામનગર સાથે)
૪) ગુજરાત રાજ્ય (કચ્છ, કચ્છ અન્ય અને હાલાર સિવાય પરંતુ દિવ, દમણ અને દાદરા નગર હવેલી સહિત)
૫) મુંબઈ (મુંબઈ મહાજનશ્રીનો હુકુમતનો વિસ્તાર)
૬) મહારાષ્ટ્ર રાજ્ય તથા ગોવા (પરંતુ મુંબઈ મહાજનશ્રીની હકુમતના વિસ્તાર સિવાય)
૭) કર્ણાટક રાજ્ય
૮) કેરાલા રાજ્ય (લક્ષદ્વીપ સહિત)
૯) તામીલનાડુ રાજ્ય (પાંડીચેરી સહિત)
૧૦) તેલંગણા તથા આંધ્ર પ્રદેશ રાજ્ય
૧૧) મધ્ય પ્રદેશ રાજ્ય
૧૨) છત્તીસગઢ
૧૩) ઉત્તર ભારત (જેમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર તથા કેન્દ્ર શાસિત દિલ્હી અને ચંદીગઢ)
૧૪) પૂર્વ ભારત (જેમાં બિહાર, ઝારખંડ, બંગાળ, સિક્કીમ, અરૂણાચલ, આસામ, મેઘાલય, ત્રીપુર, મીઝોરમ, મણીપુર, નાગાલેન્ડ, ઓરિસ્સા તથા આંદમાન નીકોબાર.

**નોંધ :** રાજ્યોનું વિભાજન થાય તો નવું રાજ્ય જૂનામાંજ સંમિલિત ગણાશે.

૨) નવી ચૂંટાયેલ મહાસમિતિની પ્રથમ સભામાં સભ્યો પોત પોતાના વિભાગના સભ્યોમાંથી ઓછામાં ઓછા એક અથવા તે વિભાગની વસ્તીના દર ૧૫૦૦ એ એક બંનેમાં જે વધારે હોય એ પ્રમાણે ટ્રસ્ટીઓની પાંચ વર્ષ માટે ચૂંટણી નિમણુંક કરશે.

**નોંધ :** પ્રતિનિધિત્વનું પ્રમાણ વસ્તીના પ્રમાણમાં દર પંદરસો (૧૫૦૦) ઉપર હોય તો....

| | |
|---|---|
| ૧ થી ૧૫૦૦ સુધી | ૧ ટ્રસ્ટી |
| ૧૫૦૧ થી ૩૦૦૦ સુધી | ૨ ટ્રસ્ટી |
| ૩૦૦૧ થી ૪૫૦૦ સુધી | ૩ ટ્રસ્ટી |

એ ધોરણે આગળ ગણવાનું રહેશે.

૩) પ્રત્યેક વિભાગનું પ્રતિનિધિત્વ કરતા ટ્રસ્ટી તે વિભાગના સ્થાનિક રહેવાશી હોવા જરૂરી રહેશે.

૪) ચૂંટાયેલા ટ્રસ્ટીને નિમણૂંકનો પત્ર મળ્યા બાદ ત્રીસ (૩૦) દિવસની અંદર પોતાનો સંમતિ પત્ર સેક્રેટરી જનરલ પર મોકલી આપવાનો રહેશે.

## ૧૫. ટ્રસ્ટબોર્ડની સત્તા તથા જવાબદારીઓ :

૧) નવી ચૂંટાયેલ/નિમાયેલ ટ્રસ્ટબોર્ડની પ્રથમ સભામાં ટ્રસ્ટીઓ પોતાનામાંથી ત્રણને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ચુંટશે. આ ત્રણ મેનેજીંગ ટ્રસ્ટીઓમાંથી એક મેનેજીંગ ટ્રસ્ટી જ્યાં સમસ્ત મહાજનનું કાયમી કાર્યાલય હોય ત્યાંના હોવા જરૂરી રહેશે.

૨) મેનેજીંગ ટ્રસ્ટીઓની મુદત વધુમાં વધુ અઢી વર્ષની રહેશે જે મુદત પુરી થતાં તાત્કાલિક થનારી ચુંટણીમાં તેમની ફરી એક મુદત માટે ચૂંટાઈ શકે / નિમણું કરી શકાશે.

૩) ટ્રસ્ટબોર્ડની પ્રથમ સભામાં ટ્રસ્ટીઓ પોતાનામાંથી એકની સેક્રેટરી જનરલ તરીકે નિમણુંક કરશે, જેમની મુદત ટ્રસ્ટબોર્ડની મુદત સુધીની રહેશે.

૪) ટ્રસ્ટબોર્ડની પ્રથમ સભામાં ટ્રસ્ટીઓ પરદેશમાં વસતા જ્ઞાતિજનોમાંથી ત્રણ અને ભારતમાંથી સાત જ્ઞાતિજનોની મહાસમિતિ ઉપર સભ્ય તરીકે નિમણુંક કરશે.

૫) જ્ઞાતિ સંમેલનમાં મહાસમિતિમાં તથા ટ્રસ્ટબોર્ડમાં પસાર થયેલ ઠરાવોના અમલીકરણ માટે સઘળી કાર્યવાહી કરશે.

૬) જ્ઞાતિ સંમેલન, મહાસમિતિ કે ટ્રસ્ટબોર્ડમાં પસાર થયેલ કોઈપણ યોજના, પ્રકલ્પ (Project) અથવા કાર્યક્રમ કરશે.

૭) જ્ઞાતિને લગતા કોઈપણ કાર્ય જ્ઞાતિ સંમેલન ટ્રસ્ટબોર્ડ કે મહાસમિતિમાં પસાર થયેલ ઠરાવોના અમલીકરણ તથા કાર્યાલયના વહીવટના ખર્ચ માટે ફંડ તથા નાણાંકીય સાધનો ઉભા કરી શકશે.

૮) જ્ઞાતિ સંમેલનમાં જાહેર થયેલ દાનો તથા ભેટો વસુલ કરવાની અને તેનો યોગ્ય વહીવટ કરવાની સત્તા ટ્રસ્ટબોર્ડની રહેશે.

૯) કોઈપણ પ્રકારનું શરતીદાન ટ્રસ્ટના ઉદ્દેશ પ્રમાણે ટ્રસ્ટ બોર્ડ સ્વીકારી શકશે.

૧૧) ટ્રસ્ટબોર્ડ 'સમસ્ત મહાજન'ની મિલ્કત, ફંડો, નાણાં, સિક્યુરીટીઓ વગેરેનો વહીવટ કરશે અને હિસાબ રાખશે.

૧૨) હિસાબી વર્ષ પુરૂં થયેથી ૬ મહિનામાં તે વર્ષના અન્વેષિત (ઓડીટેડ) હિસાબો તથા કાર્યવાહી અહેવાલ ટ્રસ્ટબોર્ડની અનુમતીથી મહાસમિતિ ઉપર મંજુરી માટે મોકલી આપશે.

૧૩) ટ્રસ્ટીઓ સંસ્થાના નામે બેંકમાં ખાતા ખોલાવી શકશે. જે કોઈપણ ત્રણ ટ્રસ્ટીઓની સહીથી સંયુક્તરીતે ઓપરેટ કરી શકાશે જેમાં એક સહી કોઈપણ એક મેનેજીંગ ટ્રસ્ટી અથવા સેક્રેટરી જનરલની જરૂરી રહેશે.

૧૪) ટ્રસ્ટબોર્ડની લાગલગાટ ત્રણ સભાઓમાં ગેરહાજર રહેનાર ટ્રસ્ટી સ્વયં કમી થયેલા ગણાશે.

૧૫) હોદ્દો સ્વીકારવાની સંમતિ ન આપે, રાજીનામું આપે. મરણ પામે કે કામ કરવાની અનિચ્છા દર્શાવે, નાદાર ઠરે, નૈતિક અધઃ પતનવાળા ગુન્હા માટે ગુનેગાર ઠરે અથવા કાયદા પ્રમાણે કમી થતા ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીની ખાલી પડેલ જગ્યા પર ટ્રસ્ટબોર્ડ, મહાસમિતિના સભ્યોમાંથી તે જ વિભાગના સભ્યની ટ્રસ્ટબોર્ડ પર નિમણુંક કરશે.

## ૧૬. ટ્રસ્ટબોર્ડની સભાઓ :

૧) ટ્રસ્ટબોર્ડની વર્ષમાં ઓછામાં ઓછી ચાર સભાઓ કાર્યાલય સ્થળે અથવા મેનેજીંગ ટ્રસ્ટીઓ નક્કી કરે તે સ્થળે મળશે.

૨) સભા મળવાની લેખીત જાણ, કાર્યસૂચિ સ્થળ, તારીખ અને સમય સહિત ઓછામાં ઓછા એકવીસ (૨૧) દિવસ પહેલાં પરિપત્ર દ્વારા આપવી પડશે, અથવા ઈલેક્ટ્રોનિક મિડિયાના સથવારે ઈમેલ તથા વોટસ્અપ દ્વારા ટ્રસ્ટીઓને સૂચના આપશે. તે દ્વારા અપાયેલ સભા માટેની નોટીસ/સૂચના તથા તેની તારીખ અધિકૃત ગણાશે.

૩) ટ્રસ્ટબોર્ડની સભાની કાર્યસાધક હાજરી (કોરમ) સાત સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલ સભા હાજર રહેલ ટ્રસ્ટીઓ નક્કી કરે તે દિવસે અને સમયે સમસ્ત મહાજનના કાર્યાલયમાં જ અડધા કલાક પછી મળશે. જે માટે કાર્યસાધક હાજરીની જરૂર રહેશે નહિં પરંતુ આવી મુલત્વી રહેલ સભા બોલાવવાની જાણ સર્વે ટ્રસ્ટીઓને અગાઉથી કરવાની રહેશે. આ સભામાં કાર્યસુચિ સિવાયનું અન્યકોઈ કામકાજ હાથ ધરી શકાશે નહિં.

૪) ટ્રસ્ટબોર્ડની સભામાં ઉપસ્થિત રહેનાર મેનજીંગ ટ્રસ્ટીઓમાંથી કોઈપણ એક મેનેજીંગ ટ્રસ્ટી અથવા મેનેજીંગ ટ્રસ્ટીઓની અનુપરિસ્થિતિમાં હાજર રહેલ ટ્રસ્ટીઓમાંથી કોઈપણ એક ટ્રસ્ટીને સભાના ચેરમેન તરીકે નીમવામાં આવશે. સભાના ચેરમેન સભામાં જે કોઈ વાંધા ઉઠાવવામાં આવશે તેનો નિર્ણય આપશે જે આખરી ગણાશે.

૫) સભામાં દરેક ઠરાવ બહુમતીથી પસાર કરવામાં આવશે પણ જો બન્ને બાજુ સરખા મત પડે તો ચેરમેનને ફરજીયાત નિર્ણાયિત્મક મત (કાસ્ટીંગ વોટ) આપવો પડશે.

૬) સભાના કામકાજની લેખીત નોંધ (મીનીટસ) રાખવામાં આવશે. સભાના ચેરમેન સંબંધિત સભાની નોંધ ઉપર સહી કરશે અને આવી નોંધ (મીનીટસ) ત્યારબાદની સભામાં રજુ કરવામાં આવશે જે માન્ય રહેથી તે સભાના ચેરમેન તેના ઉપર સહી કરશે.

૭) જરૂરી જણાયે સેક્રેટરી જનરલ કોઈપણ બાબત અંગે ત્રણે મેનેજીંગ ટ્રસ્ટીની સંમતીથી પરિપત્ર દ્વારા કોઈપણ બાબત અંગે ૫૧% ટ્રસ્ટીઓનો નિર્ણય મેળવશે જેની નોંધ (મિનિટ્સ) ત્યારપછીની મળતી પ્રથમ સભામાં લેવામાં આવશે.

## ૧૭. મેનેજીંગ ટ્રસ્ટીઓની સત્તા અને જવાબદારીઓ :

૧) સામાન્ય રીતે 'સમસ્ત મહાજન'ના કામકાજ, પ્રવૃત્તિઓ અને આવક જાવક, ખર્ચ તથા વહીવટ ઉપર દેખરેખ અને અંકુશ રાખશે.

૨) જ્ઞાતિ સંમેલન, મહાસમિતિ કે ટ્રસ્ટબોર્ડના ઠરાવો અને નિર્ણયોનો અમલ કરવા સઘળા પગલાં લેશે અને તે અંગેની સર્વે કાર્યવાહી કરશે.

૩) સામાન્ય રીતે સેક્રેટરી જનરલને જરૂરી સલાહ સુચન અને માર્ગદર્શન આપશે.

૪) સેક્રેટરી જનરલની ગેરહાજરીમાં ટ્રસ્ટબોર્ડની સભા બોલાવી શકશે.

## ૧૮. સેક્રેટરી જનરલની સત્તા અને ફરજો :

૧) મેનેજીંગ ટ્રસ્ટીઓની સંમતિથી વખતો વખત ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિની સભાઓ બોલાવશે.

૨) ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિની સભામાં થયેલ કામકાજની લેખીત નોંધ (મીનીટસ) રાખશે.

૩) સમસ્ત મહાજનની પ્રવૃત્તિઓનું સંચાલન કરશે અને વહીવટ સંભાળશે. એન તેની કાર્યક્ષમતા તથા વિકાસ પર લક્ષ આપી તેનું સંકલન કરશે.

૪) મેનેજીંગ ટ્રસ્ટીની સંમતિથી 'સમસ્ત મહાજન'ના કર્મચારીઓની નિમણુંક કરશે તથા તેમના કાર્ય ઉપર દેખરેખ રાખશે.

૫) મેનેજીંગ ટ્રસ્ટીની સૂચના અનુસાર સમસ્ત મહાજનનો પત્ર વહેવાર કરશે.

૬) સમસ્ત મહાજનનું સુવ્યવસ્થિત દફતર (રેકાર્ડ) રાખશે અને તેને સાચવશે.

૭) ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિની દરેક પેટાસમિતિઓના કન્વીનર રહેશે.

૮) વર્ષ પુરૂં થતા ચાર માસની અંદર કાર્યવાહીનો વાર્ષિક અહેવાલ તથા અન્વેષિત હિસાબો ટ્રસ્ટબોર્ડ સમક્ષ રજૂ કરેશે.

૯) સમસ્ત મહાજનના વહીવટી ખર્ચ ઉપરાંત કોઈપણ એક કાર્ય માટે વધુમાં વધુ ટ્રસ્ટ એક્ટ પ્રમાણે રૂા. ૫૦૦૦/- ખર્ચ કરી શકશે. અને મેનેજીંગ ટ્રસ્ટીની સંમતિથી રૂા. ૧,૦૦,૦૦૦/- નો ખર્ચ કરી શકશે. આ ખર્ચ ટ્રસ્ટબોર્ડની આગામી બેઠકમાં મંજુર કરવાનો રહેશે.

૧૦) નવી મહાસમિતિની પ્રથમ સભામાં દરેક વિભાગના સભ્યોની તે તે વિભાગના ટ્રસ્ટી ચૂંટવા માટે જુદી જુદી બેઠક યોજશે.

**૧૯ :**

મહાસમિતિ તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડ પસાર કરેલ ઠરાવનું અમલીકરણ કરવાની સામાજીક તથા આર્થિક જવાબદારી દરેક મહાજનની ફરજીયાત રહશે. અને તે મુજબની પોતાની કાર્યવાહિની સમસ્ત મહાજનને જાણ કરવાની રહેશે.

**બંધારણમાં સુધારા :**

આ બંધારણમાં કોઈપણ જાતના સુધારા વધારા કે ફેરફાર કરવાનો અધિકાર ફક્ત જ્ઞાતિ સંમેલનને જ રહેશે. અનિવાર્ય સંજોગોમાં જરૂર જણાતા બંધારણીય સુધારો ટ્રસ્ટબોર્ડ પોતાની બેઠકમાં પસાર કરી મહાસમિતિમાં રજુ કરશે. મહાસમિતિમાં હાજર રહેલ સભ્યોની ૨/૩ બહુમતિ મળેથી આ સુધારો આગામી જ્ઞાતિ સંમેલન સુધી અમલી ગણાશે. જ્ઞાતિ સંમેલનને યોગ્ય લાગે તો આ બંધારણીય સુધારો બંધારણમાં કાયમી રીતે આમેજ કરાશે.

**પરિશિષ્ટ ૧**

**કચ્છ અને હાલારના મુળ ગામો :**

આરીખાણા, કુઆપધર, કોઠારા, ગોએરસમા, ગોધરા, છાદુરા, જસાપુર, જખૌ, ડુમરા, તેરા, નલીયા, પરજાઉ, બાયઠ, બારોઈ, બાંઢીયા, મંજલ, માંડવી, રવા, રાણપુર, રાપર, રાયધણજર, લાખણીયા, લાલા, લુણી, વરાડીયા, વારાપધર, વાંકુ, સાંધવ, સાંધાણ, સાંયરા, સિંધોડી નાની, સિંધોડી મોટી, સુજાપુર, સુથરી, નાગ્રેચા, કોટડી મહાદેવપુરી, ખાવડી નાની, ખાવડી મોટી, દલતુંગી, ભરૂડીયા, રંગપુર, ગોરખડી, ધ્રાફા.

**નોંધ:**

૧) બાકી રહેતા કચ્છ/હાલારના મૂળ ગામો:
ધુફિ, વંઢી, સુખપુર, બેરાજા આ મુળ ગામો સમસ્ત મહાજન ઉપર કલમ ૪(૧) પ્રમાણે સભ્યપદ માટે હાલ સં.૨૦૭૫ના કારતક સુદ ૧ના સ્થાનિક એવં યોગ્ય વસ્તી ધરાવતા ન હોવાથી સભ્ય થઈ શકશે નહિં.

**અન્ય ગામો :**

ગઢશીશા, ગાંધીધામ, ભૂજ, અમદાવાદ, મુંદ્રા, ભરૂચ, હાલોલ, આણંદ, ગાંધીનગર, અંકલેશ્વર, જામનગર, પાલિતાણા, ઉંઝા, ભાવનગર, રાજકોટ, વડોદરા, વાપી, સુરત, મુંબઈ તથા થાણા, (મુંબઈ મહાજનશ્રીની હુકુમત હેઠળનો વિસ્તાર) અમરાવતી, અમલનેર, અહમદનગર, આકોલા, ઔરંગાબાદ, કરાડ, કારંજા, માલેગામ, શેવગામ, પુશદ, શીરપુર, બિડ, પરભણી, ખામગામ, ચાલીસગામ, ચોપડા, જલગામ, જાલના, ડીગ્રસ, ધુલીયા, નાગપુર, નાસિક, નાંદેડ, પાચોરા, પારોલા, પૂના, બારસી, મલકાપુર, યવતમાલ, લાતુર, સોલાપુર, સાંગલી, ઈન્દોર, ઉજ્જૈન, ખીડકીયા, ખંડવા, ધમતરી, નીમચ, બુરહાનુપર, ભાટાપારા, ભોપાલ, રાયપુર, સિહોર, સેંધવા, કલકત્તા, ગદગ, દાવણગીરી, બાગલકોટ, બેલ્લારી, બીજાપુર, બેંગ્લોર, રાયચૂર, હુબલી, સીરસી, ચેન્નઈ, ગુંતુર, સાલેમ, અલપઈ, કલીકટ, કોચીન, બડગરા, કોઈમ્બતુર, તીરપુર, હૈદ્રાબાદ, પોંડીચેરી, ગોવા, ઉદયપુર.

૨) શીરપુરનો કલમ (૧)માં વસ્તીઅનુસાર સમાવેશ થાય છે. મસુર તથા ગંજબાસોદા નગરો વિ. સં. ૨૦૭૫ના કારતક સુદ ૧ના યોગ્ય વસ્તી ધરાવતા ન હોવાથી સભ્ય રહી શકતા નથી.

૩) આદિપુર તથા અંજારનો ગાંધીધામ મહાજનમાં સમાવેશ થયેલો છે. માધાપર તથા ભુજોડીનો ભુજ મહાજનમાં સમાવેશ થયેલો છે.

૪) જ્ઞાતિજનોની ૩૭૪ થી વધુ વસ્તીવાળા મહાજનશ્રીના મહાસમિતિ પર પ્રતિનિધિઓની સંખ્યા બંધારણની કલમ /પેટાકલમ (૧) મુજબ રહેશે.

## પરિશિષ્ટ : ૨

### જ્ઞાતિ સંમેલનનું બંધારણ :

**૧) સમય :**

સમસ્ત જ્ઞાતિનું સંમેલન દર પાંચ વર્ષે મળશે. સંમેલનના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર મહાસમિતિની મંજુરીને આધિન સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડને રહેશે.

**૨) સ્થળ :**

કોઈપણ જ્ઞાતિ મહાજન પોતાના શહેર/ગામમાં સંમેલન યોજવા નિમંત્રણ આપી શકશે. ઈચ્છુક મહાજને સંમેલન ભરવા ટ્રસ્ટબોર્ડને બે વર્ષ અગાઉથી લેખીત વિનંતી કરવાની રહેશે. એક યા વધુ મહાજનોની આવી વિનંતી આવેથી આ અંગે યોગ્ય નિર્ણય લઈ ટ્રસ્ટબોર્ડ મહાસમિતિની સભામાં બહાલી માટે રજુ કરશે. સંબંધિત મહાજનને તેમની વિનંતી માન્ય રહ્યાની જાણ યોજવા ધારેલ સંમેલનના સમય/તારીખથી ઓછામાં ઓછા દોઢ વર્ષ પહેલા કરવાની રહેશે. કોઈપણ મહાજનનું નિમંત્રણ ન આવે તો મહાસમિતિની મંજુરીને આધિન ટ્રસ્ટબોર્ડ અનુકુળ સમયે અને સ્થળે સંમેલન યોજશે અને તે અંગેની જાણ યોજવા ધારેલ સંમેલનના સમય/ તારીખથી ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં સંબંધિત મહાજનને કરવાની રહેશે. જો સમસ્ત મહાજન પોતે સંમેલન યોજવાનું નક્કી કરે તો સંમેલનના પ્રમુખ, ઉપપ્રમુખ એવં સર્વે સમિતિઓની નિમણુંક અને સંમેલનની સર્વ સત્તા સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની રહેશે. સેક્રેટરી જનરલ સંમેલનના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ વિવિધ સમિતિઓના પ્રમુખ તરીકે પોતાને નિમશે નહીં અને સંમેલનના કાર્ય માટે પોતાને જરૂર લાગે તો બે સહસેક્રેટરી નીમી શકશે.

**૩) પ્રતિનિધિઓ (ડેલીગેટ) :**

૧) સમસ્ત મહાજનના બંધારણના પરિશિષ્ટ ૧ માં જણાવ્યા પ્રમાણેના મહાજનો પોતાની હકુમત હેઠળના વિસ્તારમાંથી એક અથવા દર દસ કુટુંબ દીઠ એક જે વધારે હોય તે પ્રમાણે ગણત્રી કરી સંમેલનના પ્રતિનિધિઓ તરીકે મોકલશે. મહાસમિતિના સર્વે સભ્યો સંમેલનના પ્રતિનિધી ગણાશે. સંમેલનના પ્રતિનિધિઓ (ડેલીગેટ)માં મહાસમિતિના સભ્યોનો સમાવેશ કરવાનો ફરજીઆત રહેશે.

૨) ભારતના જે રાજ્યોમાં કોઈપણ મહાજન અસ્તિત્વ ધરાવતું ન હોય તેવા રાજ્યના દૂર દૂર રહેતા જ્ઞાતિજનો તે રાજ્યની વસ્તીના પ્રમાણમાં દર દસ કુટુંબ દીઠ એક પ્રતિનિધિ મોકલી શકશે જેની જાણ તે રાજ્યના મહાસમિતિના સભ્યને અને તે ન હોય તો સમસ્ત મહાજનના કાર્યાલયમાં નોંધાયેલ સરનામે કરવામાં આવશે.

૩) સંમેલનમાં પ્રતિનિધિ મોકલવા અંગે દરેક મહાજનને સંમેલનની તારીખથી ઓછામાં ઓછા ૧૫૦ દિવસ પહેલાં જાણ કરાશે. દરેક મહાજને પોતાના પ્રતિનિધિઓના નામો, સરનામા સહિત સંમેલનની તારીખથી ૬૦ દિવસ પહેલા મોકલી આપવાની રહેશે.

**૪) પ્રમુખ :**

સંમેલનના નિમંત્રક મહાજન નક્કી કરે તે સંમેલનના પ્રમુખ રહેશે. સંમેલનના ત્રણ ઉપપ્રમુખ રહેશે જેમની નિમણુંક

તથા અગ્રતાક્રમ ટ્રસ્ટબોર્ડ નક્કી કરશે.

સંમેલન માટે નીચે પ્રમાણે સમિતિઓ રહેશે.

### ૫) સ્વાગત સમિતિ :

સંમેલનના નિમંત્રક મહાજન નક્કી કરે તે સ્વાગત સમિતિના પ્રમુખ રહેશે. અન્ય સ્વાગત સમિતિના સભ્યોની નિમણુંક નિમંત્રક મહાજન, સ્વાગત સમિતિના પ્રમુખ અને ટ્રસ્ટબોર્ડની સલાહ અનુસાર કરશે.

### ૬) ખરડા સમિતિ :

સંમેલનમાં રજુ કરવાના ઠરાવોના ખરડા તૈયાર કરવા માટે સંમેલનના પ્રથમ ઉપપ્રમુખના પ્રમુખ પદે ખરડા સમિતિનું ગઠન સંમેલનની તારીખ થી બે મહિના પહેલા ટ્રસ્ટબોર્ડ કરશે. મજકુર સંમેલનમાં ઠરાવ રજુ કરવા ઈચ્છતા મહાજનોએ અથવા વ્યક્તિઓએ પોતે રજુ કરવા માગતા ઠરાવના ખરડા સમસ્ત મહાજનના કાર્યાલયે સંમેલનની તારીખથી બે મહિના પહેલાં મોકલવાના રહેશે. ખરડા સમિતિ જ્ઞાતિ સંમેલનમાં રજુ કરવા માટે આવેલ ઠરાવોની છણવટ કરી યોગ્ય સુધારા વધારા સાથે વિષય વિચારણા સમિતિ સમક્ષ રજુ કરશે. વિષય વિચારણા સમિતિએ મંજુર કરેલ ઠરાવ ખરડા સમિતિ સંમેલનની ખુલ્લી બેઠકમાં પ્રતિનિધિઓ સમક્ષ વિચારણા તથા નિર્ણય માટે રજુ કરશે.

ખરડા સમિતિની રચના ટ્રસ્ટબોર્ડ કરશે જેમાં ત્રણે મેનેજીંગ ટ્રસ્ટીઓ તથા સેક્રેટરી જનરલ હોદ્દાની રૂએ સભ્ય રહેશે. ખરડા સમિતિ વધુમાં વધુ પંદર સભ્યોની રહેશે.

### ૭) વિષય વિચારણા સમિતિ :

૧) મજકુર સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવશે.

- ક) સમસ્ત મહાજનના સર્વે ટ્રસ્ટીઓ.
- ખ) ખરડા સમિતિના સર્વે સભ્યો.
- ગ) સંમેલનમાં ભાગ લેનાર પ્રતિનિધિ-ઓના પાંચ ટકા (૫%)

૨) સંમેલનના પ્રમુખ વિષય વિચારણા સમિતિના પ્રમુખ રહેશે.

૩) સંમેલનના એક દિવસ આગળ કલમ ૭(૧) (ક) અને (ખ) માં જણાવ્યા પ્રમાણેના સભ્યોની બેઠક મળશે. જેમાં ૭(૧) (ગ) માં જણાવ્યા પ્રમાણેના પ્રતિનિધિઓની નિમણુંક કરવામાં આવશે અને જાણ કરાશે.

૪) ખરડા સમિતિ દ્વારા આવેલ ખરડાઓ ઉપર વિચારણા કરી યોગ્ય લાગે તે ખરડાઓ સુધારા વધારા સાથે સંમેલનની ખુલ્લી બેઠક સમક્ષ રજુ કરવાની સંમતિ સાથે ખરડા સમિતિને મોકલશે.

૫) પાછળથી મળેલ અને તાત્કાલિક ઉપસ્થિત થયેલ બાબતો અંગે વિચારણા કરી સુધારા વધારા સાથે મંજુર થયેલા ઠરાવો ખરડા સમિતિને સંમેલનમાં રજુ કરવા મોકલી આપશે.

### ૮) પેટા સમિતિઓ :

૧) સંમેલનના પ્રમુખ દ્વિતિય ઉપપ્રમુખના પ્રમુખ પદે પ્રચાર સમિતિ તથા તૃતિય ઉપપ્રમુખના પ્રમુખ પદે બહુમાન સમિતિની રચના ટ્રસ્ટબોર્ડની સલાહ અનુસાર કરશે.

૨) સંમેલનની વ્યવસ્થા અંગેની નાણાંકીય, મંડપ, ઉતારા ભોજન, આરોગ્ય,મહિલા, સ્વયંસેવક, મનોરંજન, સ્મરણિકા, પ્રકાશન, ટિકિટ, ટ્રાન્સપોર્ટ, ઈત્યાદી, જરૂરી પેટા સમિતિઓની રચના સંમેલનના નિમંત્રક મહાજન કરશે.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
# Shri Samasta Kutchhi Dasa Oswal Jain Mahajan

કાર્યાલય : રૂમ નં. ૩, ગ્રાઉન્ડ ફ્લોર, અનંતસિધ્ધિ જૈન મંદિર, બડવાઈક હૉસ્પિટલની સામે,
૧૦૭, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
E-mail: mahajansamast@gmail.com • Website www.kdosm.org

Reg. No. A-3926 Mumbai Dt. 14/10/1992


## - મેનેજીંગ ટ્રસ્ટી -

| | | |
|---|---|---|
| તિલોકચંદ એન. દંડ | પ્રવિણ એચ. લોડાયા | કિર્તી ડી. ધરમશી |
| 093714 67232 | 098200 76605 | 098440 04445 |

## - સેક્રેટરી જનરલ -

નીશિથ એ. દંડ - 098791 11090

## - ટ્રસ્ટી -

| | | | |
|---|---|---|---|
| અરવિંદ એલ. લોડાયા | 098256 34649 | મુલચંદ પી. મોતા | 098462 14203 |
| બિપીન પી. નાગડા | 093235 25000 | નિલેશ એમ. પોલડીયા | 099258 53680 |
| ચેતનકુમાર કે. મોમાયા | 093240 58414 | પ્રવીણ એમ. મૈશેરી | 094252 02203 |
| ચેતન એસ. મુનવર | 094480 70194 | રાજેન્દ્ર એમ. ખોના | 093222 57191 |
| ધનપત એલ. મોતા | 098490 22666 | રાજેશ કે. ધરમશી | 099250 38896 |
| હંસ બી. ખીમજી | 098200 35118 | રાજેશ જી. મોમાયા | 098841 49494 |
| જયંત વી. છેડા | 093222 57731 | રાજેશ આર. છેડા | 098202 26873 |
| કલ્પેશ એમ. મોતા | 098212 30802 | રાજેશ દામજી પોલડીયા | 098225 23237 |
| લેરીન વી. ખોના | 098201 93339 | ઉત્તમચંદ કે. ખોના | 098225 30391 |
| લક્ષ્મીચંદ એલ. પોલડીયા | 099300 08339 | વીણાબેન વી. નાગડા | 098204 21717 |


## KDO VISION

**VISION :**

"To be the leading community-centric, non-profit, progressive, sustainable and global organization that nurthres values of Jainism and culture, provides nned-based welfare service, create opportunities for leadership and growth while transforming lives of KDO members through united efforts."

**ધ્યેય :**

ક.દ.ઓ.ના સભ્યોના જીવનમાં સામુહિક પ્રયાસોથી સકારાત્મક પરિવર્તન લાવનારી, અગ્રણી, સમાજલક્ષી, બિન નફાકારક, પ્રગતિશીલ, સક્ષમ અને વૈશ્વિક સંસ્થા કે જે જૈનધર્મ અને સંસ્કૃતિના મૂલ્યોનું સિંચન કરે, જરૂરિયાતમંદ કલ્યાણકારી સેવાઓ પૂરી પાડે તેમજ નેતૃત્વ અને વિકાસ માટેની તકોનું નિર્માણ કરે.